રાજકોટ મહાનગરપાલિકા
શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય
૩૪,પ્રહલાદ પ્લોટ,કેનાલ રોડ,રાજકોટ

---

## ટેકનીકલ બીડ

## રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી લાઇબ્રેરીઓની જરૂરિયાત પ્રમાણે પુસ્તક ખરીદી કામનો દ્વિ વાર્ષિક રેઇટ કોન્ટ્રાકટ

## (બીજો પ્રયત્ન )

| | |
|---|---|
| (૧) કામની વિગત | : રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના પુસ્તકાલયોમાં પુસ્તકો પુરા પાડવાનું કામ. |
| (૨) સંસ્થા(ફર્મ)નું નામ | :____________________ |
| (૩) ભાવ આપનારનું નામ | :____________________ |
| (૪) સેલ્સટેક્ષ/ટીન નંબર | :____________________ |
| (૫) શોપ એક્ટ લાઇસન્સ નંબર | :____________________ |
| (૬) સંસ્થાના પ્રતિનિધિ/પ્રોપરાઇટર\ મેનેજરનું નામ\કોન્ટેકટ નંબર | :____________________ |
| (7) સરનામું | :____________________ |
| (8) તારીખ | :____________________ |
| (9) ટેન્ડર ફી | :૧૮૭૫/- રૂપિયા (નોન રીફંડેબલ)<br>ડી.ડી.નં.:__________તારિખ________ |
| (10) અર્નેસ્ટમનીની રકમ | :૧,૩૫,૦૦૦/-<br>ડી.ડી.નં. :__________તારિખ________ |
| (11) સિક્યોરીટી ડિપોઝીટ | : કુલ કિમતના ૫% (ટકા) મુજબ |
| (12) બેંકની વિગત | : બેંક્નું નામ ________________<br>: બ્રાંચ ________________<br>: એકા.નં.________________<br>: એકા. ટાઇપ ________________ |

---

ભાવ આપનારની સહી.____________________

ભાવ આપનારનું નામ .____________________

પેઢી/સંસ્થાનો સિક્કો. ____________________

રાજકોટ મહાનગરપાલિકા
શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય
૩૪,પ્રહલાદ પ્લોટ,કેનાલ રોડ,રાજકોટ

---

**રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી લાઇબ્રેરીઓ માટે દ્વિ વાર્ષિક માટે જરૂરિયાત પ્રમાણે પુસ્તકો પુરા પાડવાના કામ સબંધે ટેકનીકલ બીડમાં ક્વોલીફાઇડ થવાની શરતો**

(૧) ટેન્ડર ભરનાર પુસ્તક વિક્રેતા,પ્રકાશક કે વેન્ડર હોવા જરૂરી છે.જેની અધિકૃતતા સબંધે પેઢીના સર્ટીફીકેટ કે ઓથોરાઇઝ્ડ લેટરની નકલ રજુ કરવાની રહેશે.

(૨) સંસ્થા/પેઢીના માન્ય પુરાવા તરીકે જી.એસ.ટી.નંબર/શોપ એક્ટ લાઇસન્સ/સેલ્સ ટેક્સ પૈકી કોઇ એકની નકલ ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે.

(૩) સરકારી/અર્ધ સરકારી અથવા લીમીટેડ કંપની કે મોટી સંસ્થામાં ઓછામાં ઓછા એક વર્ષ સુધી પુસ્તકો સપ્લાઇ કરવાનો અનુભવ જરૂરી છે

(૪) ટેન્ડર ભરનાર સંસ્થાનું છેલ્લા નાણાકીય વર્ષમાં ટર્નઓવર રૂપિયા ૨૩ લાખ કે તેથી વધુ રકમનું ધરાવતી હોવી જોઇએ. આ અંગેના માન્ય પુરાવા તરીકે સરકારી,અર્ધ સરકારી એ અન્ય સંસ્થાના કામના વર્ક ઓર્ડર/ચાર્ટડ એકાઉન્ટન્ટના સર્ટીફીકેટ રજુ કરવાનાં રહેશે.

(૫) ભાવ ભરનાર પેઢી અન્ય કોઇ સરકારી,અર્ધસરકારી કે માન્ય સંસ્થાઓ દ્વારા બ્લેક લીસ્ટ થયેલ નથી તેની ભાવ ભરનાર વેપારીએ બાહેંધરી આપવાની રહેશે. આપેલ બાહેંધરી ખોટી માલુમ પડ્યે નિયમાનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

(૬) આ કામના ટેન્ડરની ફી ૧૮૭૫/- રૂપિયા (નોન રીફંડેબલ) તેમજ અર્નેસ્ટમની પેટે રકમ રૂપિયા ૧,૩૫,૦૦૦/- ના ડીમાન્ડ ડ્રાફ્ટ ટેકનીકલ બીડમાં સામેલ રાખી**તા ૨૫/૫/૨૦૨૨** ૧૮:૦૦ કલાક સુધીમાં રાજકોટ મહાનગરપાલિકા, શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય, ૩૪, પ્રહલાદ પ્લોટ,કેનાલ રોડ,રાજકોટ-૩૬૦૦૦૧ ખાતે ફક્ત સ્પીડ પોસ્ટ/ રજી.એડી થી જ મોકલવાના રહેશે. તેમજ ભાવ મંજુર થયે કુલ કામના ૫% સિક્યોરીટી ડીપોઝીટની રકમ ભરવાની રહેશે. ઓછા કે વધુ ભાવ મંજુર કરવાની આખરી સત્તા રાજકોટ મહાનગરપાલિકાની રહેશે. તેમજ મુદત બાદ આવેલા ટેન્ડર સ્વીકારવામાં આવશે નહિ તેમજ શરતી ટેન્ડર રદ કરવામાં આવશે.

---

ભાવ આપનારની સહી.________________________________

ભાવ આપનારનું નામ .______________________________

પેઢી/સંસ્થાનો સિક્કો. ______________________________

---

(૭) મંજુર થયેલ ભાવ મુજબ વધુ કે ઓછા પ્રમાણમાં ઓર્ડર મુજબ દર્શાવવામાં આવે તે પુસ્તકો એફ. ઓ.આર. પુસ્તકાલય સ્થળે દિવસ પંદરમાં પુરા પાડવાના રહેશે.

(૮) ગુજરાતી,હિન્દી,અંગ્રેજી ભાષાના એજ્યુકેશનલ, સંદર્ભ,જનરલ પુસ્તકો સપ્લાય કરવાનો અનુભવ

(૯) શરતી ટેન્ડર કે ટેન્ડરમાં જણાવેલ રીતથી અલગ રીતે ભરેલ કે ટેન્ડરની કોઇ શરત કે આઇટમનાં વર્ણન કે સ્પેસીફીકેશનમાં ફેરફાર કરેલું ટેન્ડર રજુ કર્યુ હશે તો તે સ્વીકારવામાં આવશે નહિ.

(૧૦) ઉપરોકત તમામ પ્રમાણિત પ્રમાણપત્રો/ડોક્યુમેન્ટ ટેન્ડર સાથે જોડવાના રહેશે.

---

## <u>રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી લાઇબ્રેરીઓ માટે દ્વિ વાર્ષિક માટે જરૂરિયાત પ્રમાણે પુસ્તકો પુરા પાડવાના કામ સબંધે સામાન્ય શરતો</u>

૧. આ કામ અંદાજીત ૪૫ લાખનું છે. જેથી સિક્યુરિટી ડીપોઝીટ ૫% લેખે ૨,૨૫,૦૦૦/- થશે.જે ટેન્ડરની શરત નંબર ૨૩ મુજબ પરત કરવામાં આવશે.

૨. આ કામનું કરારનામું સરકારશ્રીના નિયમ મુજબ સિક્યુરિટી ડીપોઝીટની એફ.ડી. સ્વરૂપે આપવામાં આવ્યે સિક્યુરિટી ડીપોઝીટની રકમના ૪.૯૦% લેખેની રકમના સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરી આપવાનું રહેશે અને સિક્યુરિટી ડીપોઝીટ રોકડ સ્વરૂપમાં જમા કરાવ્યે રૂ. ૧૦૦ નાં સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરી આપવાનું રહેશે.

૩. ચાલુ નાણાકીય વર્ષની પ્રોફેશનલ ટેક્સ ભર્યાની પહોચની નકલ ટેન્ડર સાથે રજુ કરવી

૪. જો પેઢી પ્રોપરાઇટરશીપની હોય તો માલિકનું નામ અને જો ભાગીદારી પેઢી હોઇ તો તમામ ભાગીદારોના નામ અને જો પેઢી લીમીટેડ કંપનીની હોય તો તેમના મેનેજીંગ ડીરેકટરનું નામ,સરનામાં ફોન નંબરની વિગત સાથે આપવી તેમજ લીમીટેડ કંપનીના કિસ્સામાં મહાનગરપાલિકા સાથે કરાર કરવાની સત્તા ધરાવતા ઇસમોને જરૂરી અધિકાર પત્ર કંપની તરફથી ઇસ્યુ થયેલો હોવો જોઇએ, તેની નકલ આ સાથે આપવાની રહેશે. વિશેષમાં મહાનગરપાલિકા સાથેના વ્યવહારમાં જે આસામી સતત સંપર્કમાં રહી શકે તેના નામ, સરનામાં,ફોન નંબરની વિગતો આપવાની રહેશે.

---

ભાવ આપનારની સહી.________________________

ભાવ આપનારનું નામ .________________________

પેઢી/સંસ્થાનો સિક્કો. ________________________

---

૫. આ કોન્ટ્રાકટ બે વર્ષ માટે છે, એટલે કે કોન્ટ્રાકટનાં એગ્રીમેન્ટ થયાની તારીખથી બે વર્ષ સુધીનાં સમયગાળા માટે વર્કઓર્ડર આપી શકાશે. તેમજ આ વર્કઓર્ડરની મુદત પુરી થાય ત્યા સુધી કોન્ટ્રાકટનો અમલ કરવાનો રહેશે. એટલે કે કોન્ટ્રાકટનાં છેલ્લે દિવસે કોઇ કામ માટે વર્ક ઓર્ડર આપવામાં આવે અને તે કામની સમય મર્યાદા મુજબ તે વર્ક ઓર્ડર પુરતું કામ આજ કોન્ટ્રાકટની શરતો /ભાવથી કરી આપવાનું રહેશે.

૬. ટેન્ડરમાં માંગવામાં આવેલ તમામ વિગતો,માહિતી જરૂરી આધાર પુરાવા, ઝેરોક્ષ નકલો સ્વપ્રમાણિત/ગેઝેટેડ/નોટરાઇઝ કરેલ નહિ હોય તો આવું ટેન્ડર રદ કરવાને પાત્ર થશે.

૭. વેપારીએ પેઢીના એકાઉન્ટ નંબર,બેંકનું નામ તેમજ બેંકની શાખાનું સરનામાંની વિગત માટે પાસબુક/બેંક સ્ટેટ્મેન્ટની ઝેરોક્ષ ટેકનીકલ બીડમાં સામેલ રાખવાની રહેશે.

૮. ભાવ એફ.ઓ.આર. રાજકોટ મહાનગરપાલિકાના પુસ્તકાલય સુધી ઓર્ડર મળ્યાથી દિવસ ૧૫(પંદર) માં પુરા પાડવાનાં રહેશે. અથવા ઓર્ડર મળ્યેથી સદરહું માલ સુચવવામાં આવે તે સ્થળે પહોચતો કરી આપવાનો રહેશે.

---

૯. આ કામે સુચવવામાં આવે તે મુદતમાં જ કામ પુરૂ કરવાનું રહેશે.

૧૦. શરતી ભાવ સ્વીકારવામાં આવશે નહી.

૧૧. વેપારીએ ફક્ત પોતાના જ પ્રકાશન ઉપરના ભાવ ભરીને મોકલાવેલ હશે તો તેવા ભાવ ધ્યાને લેવામાં આવશે નહી.પસંદ કરવામાં આવે તેવા ગુજરાતી,હિન્દી,અંગ્રેજી ભાષાના કોઇપણ પ્રકાશનના કોઇપણ પ્રકારના(જેવા કે એજ્યુકેશનલ,સંદર્ભ,જનરલ)પુસ્તકોની કિમત પર સરેરાશ વળતર(કમિશન) ના ટકા દર્શાવવાના રહેશે.

૧૨. અર્નેસ્ટમની પેટે ભરેલ રકમ ટેન્ડરના નિરાકરણ બાદ પરત આપવામાં આવશે. અર્નેસ્ટમની ડિપોઝીટ વગરના ટેન્ડરો ખોલવામાં જ નહિ આવે.

૧૩. પુસ્તકો પુરા પાડ્યા બાદ ધોરણસર બીલ પાસ થયે બીલની રકમ ચુકવવામાં આવશે.

૧૪. મંજુર થયેલ ભાવ મુજબ વધુ કે ઓછા પ્રમાણમાં ઓર્ડર મુજબ પુસ્તકો આપવાના રહેશે.

૧૫. આ બે વર્ષ દરમ્યાન જ્યારે ઓર્ડર આપવામાં આવે ત્યારે ઓર્ડર પુરો કરવાનો રહેશે.

---

ભાવ આપનારની સહી.________________________________

ભાવ આપનારનું નામ .______________________________

પેઢી/સંસ્થાનો સિક્કો. ______________________________

રાજકોટ મહાનગરપાલિકા
શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય
૩૪,પ્રહ્લાદ પ્લોટ,કેનાલ રોડ,રાજકોટ

---

૧૬. ઉપરોકત કામના ટેન્ડર **તા. ૧૧/૦૫/૨૦૨૨** થી વેબસાઇટ **www.nprocure.com** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ઇ-ટેન્ડર તા.**૨૩/૦૫/૨૦૨૨ ૧૭.૦૦** કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. આ કામે ઓન લાઇન સબમીશન **તા. ૨૩/૦૫/૨૦૨૨ ૧૮.૦૦** કલાક સુધીમાં કરવાનું રહેશે. પ્રી – બીડ મીટીંગ તા. **૧૮/૦૫/૨૦૨૨ ૧૨.૦૦** કલાકે શ્રીમતિ પ્રભાદેવી જે.નારાયણ પુસ્તકાલય ખાતે રહેશે. જો શક્ય હશે તો આ કામના ટેકનીકલ બીડ **તા. ૨૬/૦૫/૨૦૨૨ ૧૧.૦૦** ખોલવામાં આવશે. ત્યાર બાદ ટેકનીકલ બીડમાં પુર્વપાત્ર થનાર આસામીઓના જ ભાવો તા. **૨૬/૦૫/૨૦૨૨ ૧૨.૦૦** કલાકે ખોલવામાં આવશે.

૧૭. ટેકનીકલ બીડ ઉપર ટેન્ડરનું નામ તથા સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય દર્શાવવાનો રહેશે.

૧૮. ઓછા ભાવનું કે હરકોઇ ટેન્ડર સ્વીકારવું કે નહિ તેનો તેમજ ઓછો વધતો માલ ખરીદવાનો હક્ક મહાનગરપાલિકા અબાધિત રાખે છે. આ અંગે કશા કારણો આપવામાં આવશે નહી.

૧૯. મહાનગરપાલિકામાં ચાલતા ધોરણો મુજબ તથા વર્તમાનકાળે અમલમાં હોય તેવા નિયમો, પેટા નિયમો, બી.પી.એમ.સી.એક્ટની જોગવાઇઓને આધીન રહી આ ટેન્ડર ભરવામાં આવેલ છે તેમ સમજવાનું છે.

૨૦. આ કામે ભાવ મંજુરીના ખબર મળ્યે દિવસ -૭ (સાત) માં વેપારી/સંસ્થાએ ટેન્ડરની કિંમતના ૫% (ટકા) મુજબ સિક્યોરીટી ડીપોઝીટની નેશનલાઇઝ્ડ/શેડયુલ્ડ બેંકની ફિક્સ ડિપોઝીટ રસીદ કઢાવી શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય ખાતે રજુ કરી,ધોરણસર સ્ટેમ્પ પેપર ઉપર મહાનગરપાલિકાની તરફેણમાં કરારનામું કરી આપવાનું રહેશે. એગ્રીમેન્ટ નિયમ મુજબના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહેશે. એગ્રીમેન્ટ માટે જેટલી કિંમતના સ્ટેમ્પ પેપર ખરીદવાના થાય તે વેપારીએ રજુ કરવાના રહેશે. વેપારીએ એગ્રીમેન્ટ શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય વિભાગે આપેલા નમુના મુજબ ટાઇપ કરાવી રજુ કરવાનું રહેશે.

---

ભાવ આપનારની સહી.________________________

ભાવ આપનારનું નામ .________________________

પેઢી/સંસ્થાનો સિક્કો. ________________________

---

૨૧. ટેન્ડર મંજુર થયા બાદ કોઇપણ પ્રકારનો ભાવ વધારો માંગી શકાશે નહી કે આપવાનો રહેશે નહિ.

૨૨. આ કામ બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી રહેશે, અને જે ભાવ ભરનારને બંધનકર્તા રહેશે. વિવાદ ફક્ત રાજકોટ જુરીડીકશનમાં ચાલી શક્શે.

૨૩. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ફાઇનલ બીલ પાસ થયે કામગીરી સંતોષકારક જણાયે ૯૦ દિવસ પછી પરત મળી શક્શે અન્યથા સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૪ આવેલ ભાવો પરત્વે જો વાટાઘાટની જરૂરિયાત જણાય તો વાટાઘાટની પધ્ધતિ રાજકોટ મહાનગરપાલિકા નક્કી કરે તે મુજબ ભાવ ભરનારને બંધનકર્તા રહેશે. અને મંજુર થયેલ ભાવથી વર્કઓર્ડર આપવામાં આવે તે રીતે પુસ્તકો પુરા પાડવાના રહેશે.

**<u>રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી લાઇબ્રેરીઓ માટે દ્વિ વાર્ષિક જરૂરિયાત પ્રમાણે પુસ્તકો પુરા પાડવાના કામ સબંધે ટેકનીકલ સ્પેસીફિકેશન</u>**

૧. પુસ્તકોના ઓર્ડરમાં અપાયેલ પુસ્તકોની છેલ્લામાં છેલ્લી નવી આવૃતીના જ પુસ્તકો પુરા પાડવાના રહેશે.

૨. ઓર્ડર મુજબના પુસ્તકો ફાટેલા,તુટેલા કે ફર્મા ફેર,બાઇન્ડિંગ કે અન્ય કોઇપણ નુકશાનીવાળા પુસ્તકો હશે તો વેપારીએ પોતાના ખર્ચે દિવસ પંદરમાં બદલી આપવાના રહેશે.

3. પુસ્તકોની કિંમત ઉપર કોઇપણ પ્રકારનો ટેક્ષ કે અન્ય ચાર્જ આકારવાનો રહેશે નહી

૪. પુસ્તકોમાં છાપેલ કિંમત પર જ વળતર આપવાનું રહેશે. સ્ટીકર મારેલાં કે હાથથી લખાયેલા ભાવો પર વળતર માન્ય રાખવામાં આવશે નહી.

૫. ફોરેન એડીશનમાં ભારતીય ચલણ સિવાયના ચલણમાં પુસ્તકો ઓર્ડર આપવામાં આવેલ હોય તેવા સંજોગોમાં ઓર્ડર તારીખે ફોરેન એક્સચેન્જમાં ગુડ ઓફીસ સમીટીના નિયમોનુસાર ભાવ ઉપર વળતર આપવાનું રહેશે.

---

ભાવ આપનારની સહી.______________________________

ભાવ આપનારનું નામ .____________________________

પેઢી/સંસ્થાનો સિક્કો. ______________________________

રાજકોટ મહાનગરપાલિકા
શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય
૩૪,પ્રહ્લાદ પ્લોટ,કેનાલ રોડ,રાજકોટ

---

**રાજકોટ મહાનગરપાલિકાની જુદી જુદી લાઇબ્રેરીઓ માટે દ્વિ વાર્ષિક માટે જરૂરિયાત પ્રમાણે પુસ્તકો પુરા પાડવાના કામ સબંધે પેનલ્ટીની શરતો**

૧. ઓર્ડરમાં સુચવ્યા મુજબનાં પુસ્તકો ઓર્ડર મલ્યેથી દિવસ પંદરમાં લાઇબ્રેરી વિભાગને પહોંચતા કરવાના રહેશે.અને તે માટે કસુર થયે મુળ સપ્લાઇ ઓર્ડરના ૧૦% લેખે પેનલ્ટીની રકમ ભરપાઇ કરવાની રહેશે અથવા કમિશ્નરશ્રી જે કોઇ નુકશાની ચુકવવા હુકમ કરશે તે રકમ ચુકવવાની રહેશે.

૨. પેનલ્ટીની રકમ બીલમાંથી કપાત કરવામાં આવશે. તેમજ જરૂર જણાયે કોઇપણ જાતની નોટીસ આપ્યા વગર ભાવ રદ કરી રાજકોટ મહાનગરપાલિકાના કોઇપણ કામ માટે કાયમી ધોરણે બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

અમારા તરફથી ટેન્ડર ભરતી વખતે ઉપરોક્ત તમામ મુદ્દાઓની સંપુર્ણ માહિતીથી અમો વાકેફ છીએ. આમ છતા જો કોઇ બાબતે ચુક હશે કે ટેન્ડરમાં માંગવામાં આવેલ તમામ વિગતો/માહિતી ,જરૂરી આધાર પુરાવા,નકલ ટેન્ડર સાથે જ બીડવામાં (રજુ કરવામાં) આવેલ નહી હોય તો અમો જાણીએ છીએ કે આવું ટેન્ડર રદ કરવાને પાત્ર થશે.આ બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ નિર્ણય અમોને બંધનકર્તા રહેશે. જે અમોને કબુલ મંજુર છે. તે બદલ નીચે સહી કરી આપેલ છે.

તારીખ :_ / /૨૦૨૨

---

ભાવ આપનારની સહી.______________________________

ભાવ આપનારનું નામ .____________________________

પેઢી/સંસ્થાનો સિક્કો. _____________________________

રાજકોટ મહાનગરપાલિકા
શ્રીમતિ પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય
૩૪,પ્રહલાદ પ્લોટ,કેનાલ રોડ,રાજકોટ

---

**COMMERCIAL BID**

| Sr.No. | Details | Offered average commission percentage |
|---|---|---|
| 1. | **Commission offered Gujarati, Hindi, English Language all type books (like Educational, Reference, General ) published by all publishers** | |

નોંધ :: આ માત્ર સેમ્પલ છે. ભાવ ફક્ત ઓનલાઇન ભરવાના છે.

અમારા તરફથી ટેન્ડર ભરતી વખતે ઉપરોકત તમામ મુદ્દાઓની સંપુર્ણ માહિતીથી અમો વાકેફ છીએ. આમ છતાં જો કોઇ બાબતે ચુક હશે કે ટેન્ડરમાં માંગવામાં આવેલ તમામ વિગતો / માહિતી, જરૂરી આધાર પુરાવા, નકલ ટેન્ડર સાથે જ બીડવામાં (રજુ કરવામાં) આવેલ નહિ હોય તો અમો જાણીયે છીએ કે આવું ટેન્ડર રદ કરવાને પાત્ર થશે. આ બાબતે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ નિર્ણય અમોને બંધનકર્તા રહેશે. જે અમોને કબુલ મંજુર છે. તે બદલ નીચે સહી કરી આપેલ છે.

તારીખ :-    /    /૨૦૨૨

---

ભાવ આપનારની સહી.______________________________

ભાવ આપનારનું નામ .______________________________

પેઢી/સંસ્થાનો સિક્કો. ______________________________